# મોબાઈલ ફોનના ઉપયોગ અને સ્વાસ્થ્ય પર અભ્યાસ

# માહિતી પત્રિકા

તમને મોબાઇલ ફોનના ઉપયોગ અને સ્વાસ્થ્ય સાથે સંબંધિત એક લાંબા ગાળાના અભ્યાસમાં ભાગ લેવા માટે આમંત્રણ આપવામાં આવી રહ્યું છે. આ અભ્યાસને COSMOS (મોબાઇલ ફોનના ઉપયોગ અને સ્વાસ્થ્યનો જૂથ અભ્યાસ) કહેવામાં આવે છે. તમારે જોડાવું છે કે કેમ તે તમે નક્કી કરો તે પહેલાં એ અગત્યનું છે કે તમે સમજો કે સંશોધન કેમ કરવામાં આવી રહ્યું છે અને શું સામેલ છે. આ માહિતી પત્રિકા વાંચવા માટે સમય કાઢવા વિનંતી. જો કોઇ વસ્તુ સ્પષ્ટ ના હોય, અથવા જો તમારે વધારે માહિતી જોઇતી હોય તો નીચેના સરનામે અભ્યાસ ટીમના સભ્યનો સંપર્ક કરવા વિનંતી:

UK COSMOS Study
Department of Epidemiology and Biostatistics
School of Public Health
Faculty of Medicine
Imperial College London, St Mary's Campus
Norfolk Place
London W2 1PG.

ઈમેઇલ: ukcosmos@imperial.ac.uk
ફ્રીફોન: 08000 270 270 (સોમવાર - શનિવાર, સવારના 10.00 – સાંજના 6.00)

COSMOS અંગેની વધુ માહિતી નીચેના વેબ સરનામે ઉપલબ્ધ છે:

www.ukcosmos.org

V25 29032010

Supported by the Department of Health

# આ અભ્યાસ અંગે

## COSMOS શું છે?

COSMOS, એ મોબાઇલ ફોનના ઉપયોગ અને સ્વાસ્થ્ય પરની શક્ય લાંબા ગાળાની અસર અંગેનો એક આંતરરાષ્ટ્રીય જૂથ અભ્યાસ છે.

## જૂથ અભ્યાસ શું છે?

જૂથ અભ્યાસમાં, એક જૂથ બનાવે છે તેવા લોકોના સ્વાસ્થ્યનું અમુક સમયગાળા માટે અનુશ્રવણ કરવામાં આવે છે. આ અભ્યાસ માટે, જૂથ એ વિશાળ લોકોનો સમૂહ છે જેઓ પોતાના દૈનિક જીવનમાં મોબાઇલ ફોનનો ઉપયોગ કરતા હોય.

## COSMOS નું જૂથ કેટલું મોટું હશે?

UK જૂથ અંદાજે 90 - 100,000 મોબાઇલ ફોન વપરાશકર્તાઓના (18 વર્ષથી ઉપરની વયના) સ્વાસ્થ્યનું 20 થી 30 વર્ષ માટે અનુશ્રવણ કરશે. આંતરરાષ્ટ્રીય જૂથ અંદાજે 250,000 યુરોપિયન મોબાઇલ ફોન વપરાશકર્તાઓના સ્વાસ્થ્યનું અનુશ્રવણ કરશે.

## COSMOS નો હેતુ શું છે?

લોકોના એક વિશાળ સમૂહના લાંબા ગાળાના સ્વાસ્થયનું અનુશ્રવણ હાથ ધરવું જેથી આપણે એ જોઇ શકીએ કે મોબાઇલ ફોનના લાંબા સમયના ઉપયોગ સાથે જોડાયેલી કોઇ સ્વાસ્થ્ય સંબંધિત મુશ્કેલીઓ છે કે કેમ.

## કયા સ્વાસ્થ્યના પરિણામોનો અભ્યાસ કરવામાં આવશે?

અમે ચોક્કસ લક્ષણોની વારંવારતામાં સમય પર્યંત કોઇ બદલાવો જોઇશું, જેમ કે માથાનો દુખાવો અને ઉંઘની મુશ્કેલીઓ, તેમ જ કેન્સર, બેનિન ગાંઠો, ન્યૂરોલોજિકલ અને સેરિબ્રો-વેસ્ક્યુલર રોગો અંગેનું જોખમ.

## આ અભ્યાસ કોણ હાથ ધરી રહ્યું છે?

UK માં, ઈમ્પિરિયલ કોલેજ ઓફ લંડન આ સંશોધન હાથ ધરી રહ્યું છે. COSMOS એ એક આંતરરાષ્ટ્રીય અભ્યાસ છે જે કેટલાંય યુરોપિયન દેશોમાં કરવામાં આવી રહ્યો છે.

## આ અભ્યાસને કોણ નાણાકીય સહાય આપી રહ્યું છે?

UK માં અભ્યાસને નાણાકીય સહાય MTHR આપી રહ્યું છે, જે મોબાઇલ ફોન અને સ્વાસ્થ્યના સંશોધનનો એક સ્વતંત્ર પ્રોગ્રામ છે જેને સ્વાસ્થ્ય અને ઉદ્યોગ વિભાગ દ્વારા સંયુક્ત સહાય આપવામાં આવી રહી છે. http://www.mthr.org.uk/.

## આ અભ્યાસ શા માટે અગત્યનો છે?

મોબાઇલ ફોનનો ફક્ત થોડા સમયથી જ વ્યાપક વપરાશ કરાઇ રહ્યો છે. એ અગત્યનું છે કે અમે અત્યારથી જ લાંબા સમય પર્યંત વિશાળ જૂથના લોકોના સ્વાસ્થ્યનું અનુશ્રવણ શરુ કરીએ. આ સ્વાસ્થ્ય અનુશ્રવણ દ્વારા, આ નવી ટેકનોલોજી સાથે સંકળાયેલ શક્ય લાંબા ગાળાની સ્વાસ્થ્યની અસરો અંગેની કેટલીક અનિશ્ચિતતાઓનો અમે ઉકેલ લાવી શકીશું. આ સંશોધનને વિશ્વભરમાં એજન્સીઓએ અગ્રતાક્રમ આપ્યો છે

જેમા સામેલ છે સ્વાસ્થ્ય વિભાગ, UK હેલ્થ પ્રોટેકશન એજન્સી (HPA), નોન-આયોનાઈઝિંગ રેડિયેશન પરનું UK સલાહકાર જૂથ (AGNIR), યુરોપિય સંઘની ઉદભવતા અને નવા શોધાતા સ્વાસ્થ્ય જોખમો પરની વૈજ્ઞાનિક કમિટિ (SCENHIR), અને વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO).

2000માં મોબાઇલ ફોન પરના સ્વતંત્ર તદવીદ જૂથના સ્ટ્યુઅર્ટ અહેવાલના પ્રકાશનને અનુસરતા, મોબાઇલ ટેલિકોમ્યુનિકેશન્શની શક્ય સ્વાસ્થ્ય અસરો અંગે જાણવા માટે UK માં મોબાઇલ ટેલિકોમ્યુનિકેશન્શ એન્ડ હેલ્થ રિસર્ચ પ્રોગ્રામ (MTHR) નામના એક સ્વતંત્ર સંશોધન પ્રોગ્રામની રચના કરવામાં આવી હતી. MTHR ના એક તાજેતરના અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું કે:

*"...મોબાઇલ ફોનના ઉત્સર્જનનું ટૂંકા ગાળાનું (દશ વર્ષ કરતા ઓછા) એક્ષ્પોઝર, મગજ અને મજ્જા તંત્રના કેન્સરોના વધારે સાથે સંકળાયેલ નથી. જો કે, કેટલીયે અનિશ્ચિતતાઓ હજી પણ છે, જેનો લાંબા સમય પર્યંત ફોન વપરાશકર્તાઓના વિશાળ સમૂહના સ્વાસ્થયનું અનુશ્રવણ કરીને જ ઉકેલ લાવી શકાય છે."*

*"કમિટિને વિશ્વાસ છે કે આ અનિશ્ચિતતાઓનો ઉકેલ લાવવાનો શ્રેષ્ઠ માર્ગ છે મોબાઇલ ફોન વપરાશકર્તાઓનો વિશાળ સમૂહ અભ્યાસ હાથ ધરવો, એક એવો અભિગમ જેને વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા પણ ખૂબ અગ્રતા તરીકે ક્રમાંકિત કરવામાં આવ્યો છે."*

*http://www.mthr.org.uk/documents/MTHR_report_2007.pdf*

મોબાઇલ ફોનના ઉપયોગ અને સ્વાસ્થ્ય અંગેની સરકારી માહિતી HPA ની વેબસાઇટ પર આપવામાં આવી છે:

*http://www.hpa.org.uk/web/HPAweb&Page&HPAwebAutoListName/Page/1158934607786*

# ભાગ લેવો

### COSMOS માં આમંત્રણ માટે મારી પસંદગી કેવી રીતે કરવામાં આવી છે?
ઇમ્પિરિયલ કોલેજે તમારા મોબાઇલ નેટવર્ક ઓપરેટરને આ અભ્યાસ માટે ભાગ લેવા માટે આમંત્રણ આપવા તેઓના ગ્રાહકોની એક યાદૃચ્છિક પસંદગી કરવા જણાવ્યું છે. તેથી આ મેલિંગ તમને, તમારી ગોપનિયતા ખાનગી રાખવા માટે તમારા ઓપરેટર દ્વારા પોસ્ટ કરવામાં આવ્યું છે.

### શા માટે મારે ભાગ લેવો?
હાલમાં વિશ્વભરમાં મોબાઇલ ફોનના છ બિલિયન વપરાશકર્તાઓ છે અને UKમાં 70 મિલિયન મોબાઇલ ઉપકરણો ઉપયોગમાં છે. અત્યારના વપરાશકર્તાઓ અને ભવિષ્યની પેઢીઓ માટે, આ નવી અને વ્યાપક ટેકનોલોજી જે આપણા દૈનિક જીવનમાં કેન્દ્રના સ્થાને છે, તેનાથી કોઇ શક્ય લાંબા ગાળાની સ્વાસ્થ્યની અસરો છે કે કેમ તે જાણવું અગત્યનું છે.

### શું મારે COSMOS માં ભાગ લેવો જ પડશે?
આ સંશોધનમાં ભાગ લેવો સ્વૈચ્છિક છે. તમારો નિર્ણય તમારા મોબઇલ નેટવર્ક ઓપરેટર સાથેના તમારા સંબંધોને અસર નહીં કરે.

### COSMOS માં ભાગ લેવામાં શું સામેલ છે?
જો તમે ભાગ લેવાનું નક્કી કરો, તો UK COSMOS ની વેબસાઇટની www.ukcosmos.org પર મુલાકાત લેવા અને ઓનલાઈન પ્રશ્નાવલિની લિન્ક પર ક્લિક કરવા વિનંતી. તમારે લોગ-ઇન કરવા, તમારી સંમતિ આપવા અને તમારા મોબાઇલ ફોનના ઉપયોગ, સ્વાસ્થ્ય અને જીવનશૈલી અંગેના પ્રશ્નોના જવાબ આપવા માટે એક સુરક્ષિત આઇડી નંબરની જરૂર પડશે (જે તમારા આમંત્રણ પત્ર પર હશે). આ પ્રશ્નાવલિ પૂર્ણ કરતા તમને લગભગ 30-45 મિનિટનો સમય લાગશે. જો કોઇ કારણસર એક જ બેઠકમાં તમે આ પ્રશ્નાવલિ

પૂર્ણ ના કરી શકો તો તમે તમારા જવાબો સાચવી શકશો અને પછીના કોઇ સમયે પ્રશ્નાવલિ પૂર્ણ કરી શકશો.

અભ્યાસનો પ્રારંભિક તબક્કો પાંચ વર્ષનો છે. આ તબક્કા દરમિયાન, તમે મોબાઇલ નેટવર્ક ઓપરેટર બદલ્યો હોય તો તમારી વિગતો અદ્યતન કરવા કે વધારાની માહિતી અંગે વિનંતી કરવા, અમે તમારો વર્ષમાં અંદાજે એક વખત સંપર્ક કરીશું.

અમે તમારા છેલ્લાં 20 વર્ષના સ્વાસ્થ્યના રેકોર્ડનું પણ અનુવર્તન કરીશું પરંતુ તમારે તમારી પ્રારંભિક સંમતિ આપવા સિવાય કઇં પણ નથી કરવાનું.

### જો હું ભાગ લઉં તો શું મને લાભ થશે?
તમે અત્યારની અને ભવિષ્યની પેઢીને લાભ થાય તે માટેના સંશોધનના એક અગત્યના ભાગમાં તમારો ફાળો આપશો. વધારામાં, સંભારણારૂપે જે કોઇ પણ ઓનલાઇન પ્રશ્નાવલિ 30 જૂન 2010 પહેલાં પૂર્ણ કરશે તેઓને £25 ના મૂલ્યના હાઇ-સ્ટ્રીટ વાઉચરો મેળવવા માટેના ડ્રોમાં સામેલ કરવામાં આવશે. અમે 12 જૂલાઇ 2010 ના રોજ યાદ્દચ્છિક ધોરણે 100 વિજેતાઓ પસંદ કરીશું. વિજેતાઓને ફોન અને ઇ-મેઇલ દ્વારા જણાવવામાં આવશે. નિયમો અને શરતો માટે www.ukcosmos.org ની મુલાકાત લો.

## માહિતી જેની જરૂર છે

### આ અભ્યાસ માટે કઈ માહિતીની જરૂર છે?
આ અભ્યાસ માટે અમારે તમારા જીવનના 3 ચોક્કસ વિસ્તારો માટે માહિતી એકત્રિત કરવાની જરૂર છે તે છે:

1. તમારો મોબાઇલ ફોનનો વપરાશ – પ્રશ્નાવલિ તમારા ભૂતકાળના અને અત્યારના, મોબાઇલ ફોનના વપરાશને અને અન્ય નવી ટેકનોલોજીઓને આવરી લે છે. આ, કોન્ટ્રાક્ટ સબક્સ્ક્રિપ્શન અને પે-એઝ-યુ-ગો ફોન, બંને માટે તમારા મોબાઇલ ફોનના વપરાશની વારંવારતા અને સમયગાળો જેવા તમારા નેટવર્ક ઓપરેટર(રો) તરફથી મળતા મોબાઇલ ફોનના રેકોડ્ર્સના પૂરક બનશે. આ માહિતીમાં તમે જેને કોલ કરો છો તે કે જે વ્યક્તિઓ તમને કોલ કરે છે તે ફોન નંબરોની ઓળખ આપતી કોઇ વિગતો સામેલ નહીં હોય. અભ્યાસના અનુવર્તન સમયગાળા દરમિયાન તમારા નેટવર્ક ઓપરેટર(રો) તરફથી મોબાઇલ ફોનના રેકોડ્ર્સ મેળવવાનું ચાલુ રાખવા, અમારા માટે એ જાણવું અગત્યનું છે કે તમે કોઇ નેટવર્ક ઓપરેટર બદલ્યો છે કે તમે ફોન નંબર બદલ્યો છે. તમે કોઇ પણ બદલાવ અંગે અમને UK COSMOS વેબસાઇટ દ્વારા, ઇ-મેઇલ દ્વારા અથવા ફ્રિફોન (વિગતો માટે નીચે જુઓ) દ્વારા જણાવતા રહી શકો છો. વિકલ્પમાં અમે આ માહિતી તમારી સમંતિથી નેટવર્ક ઓપરેટરો પાસેથી મેળવીશું.

2. તમારું સ્વાસ્થ્ય – પ્રશ્નાવલિ તમારા ભૂતકાળના અને અત્યારના સ્વાસ્થ્યના પાસાઓને આવરી લે છે. ઇમ્પિરિયલ કોલેજ, તમારા નામ, સરનામા અને જન્મ તારીખ સાથે સંકળાયેલ તમારા એનએચએસ નંબરનો ઉપયોગ કરીને તમારા નિયમિત તબીબી અને અન્ય સ્વાસ્થ્ય-સંબંધિત રેકોર્ડસ જેમ કે, કેન્સર નોંધણીઓ, દ્વારા તમારા સ્વાસ્થ્યનું સીધું અનુશ્રવણ કરશે.

3. તમારી જીવનશૈલી – પ્રશ્નાવલિ તમારી જીવનશૈલીના પાસાઓને આવરી લે છે જેમ કે ધૂમ્રપાન, આહાર અને કસરત, કારણ કે આ તમારા લાંબા ગાળાના સ્વાસ્થ્ય સાથે સંબંધિત છે.

### તમારે શા માટે મારી સમંતિની જરૂર છે?
ડેટા રક્ષણ કાયદાનું પાલન કરવા અને દર્દીઓને આપવામાં આવતી ગોપનિયતાની સામાન્ય કાયદાની ફરજનું પાલન કરવા અમારે તમારી સંમતિની જરૂર છે. આ ઇમ્પિરિયલ કોલેજને, તમને ઓળખી શકે તેવી માહિતી ધરાવવાની અને ઉપયોગ કરવા માટે તમારી સંમતિ આપે છે. તે અમને તમારા સ્વાસ્થ્યના કોઇ પણ બદલાવો અંગે અમને અનુશ્રવણ પણ કરવા દે છે અને તમારા મોબાઇલ ફોનના વપરાશ અંગે તમારા મોબાઇલ નેટવર્ક ઓપરેટર(રો) જોડેથી માહિતી પણ મેળવવા દે છે.

### હું કઇ રીતે મારી સંમતિ પાછી ખેંચી શકું?
તમને કોઇ પણ સમયે સંમતિ પાછી ખેંચવાનો હક છે. જો તમે અભ્યાસમાં સંમતિ પાછી ખેંચવાનું વિચારતા હો તો ફ્રિફોન નંબર 08000 270 270 (સોમવાર - શનિવાર, સવારના 10.00 – સાંજના 6.00) નો સંપર્ક કરવા વિનંતી.

જો તમે સંમતિ પાછી ખેંચવાનો નિર્ણય કરો તો ભવિષ્યના સંપર્ક અને તમારા ડેટાના ઉપયોગ માટે તમારી પાસે નીચેના વિકલ્પો રહેશે:

1. હવે કોઇ વધારાનો સંપર્ક નહીં – આનો અર્થ એ કે COSMOS હવે તમારો સીધો સંપર્ક નહીં કરે, પરંતુ તેની પાસે, પહેલાં આપવામાં આવેલી માહિતી રાખવા અને તેનો ઉપયોગ કરવા અને તમારા સ્વાસ્થ્ય રેકોર્ડ્સમાંથી વધારાની માહિતી મેળવવા અને તેનો ઉપયોગ કરવા માટે હજી પણ તમારી સમંતિ રહેશે.

2. હવે કોઇ વધારાનો પ્રવેશ નહીં – આનો અર્થ એ કે COSMOS હવે તમારો સંપર્ક નહીં કરે કે ભવિષ્યમાં તમારા આરોગ્ય રેકોર્ડસમાંથી વધારાની માહિતી મેળવશે નહીં, પરંતુ તેની પાસે, પહેલાં આપવામાં આવેલી માહિતીનો ઉપયોગ કરવા માટે હજી પણ તમારી સમંતિ રહેશે.

3. હવે કોઇ વધારાનો ઉપયોગ નહીં – આનો અર્થ એ કે, તમારો સંપર્ક નહીં કરવા તેમ જ કોઇ વધારાની માહિતી નહીં મેળવવા સિવાય, COSMOS પહેલાં આપવામાં આવેલી તમારી તમામ માહિતીનો નાશ કરશે.

## માહિતી રક્ષણ

### મારા અંગેની માહિતી કેવી રીતે ગોપનીય રાખવામાં આવશે?
તમારું ખાનગીપણું અને ગોપનિયતા અમારા માટે અગત્યની છે. ઇમ્પિરિયલ કોલેજે, આ સંશોધન અભ્યાસ ડેટા રક્ષણ અધિનિયમ 1988 ની જરૂરિયાતોનું સંપૂર્ણપણે પાલન કરે તે સુનિશ્ચિત કરવા માહિતી કમિશ્નરની સલાહ લીધી છે. આ અભ્યાસના પરિણામો સ્વતંત્ર સમિક્ષા પછી પ્રકાશિત કરવામાં આવશે પરંતુ કોઇ પણ વ્યક્તિગત-ઓળખ આપતો ડેટા ક્યારે પણ પ્રકાશિત નહીં થાય.

### કોણ મારી માહિતી સુધી પ્રવેશ કરી શકશે અને તેનો ઉપયોગ કરી શકશે?
તમારી સ્વાસ્થ્ય અને મોબાઇલ ફોનના ઉપયોગ સાથે સંબંધિત માહિતી ઇમ્પિરિયલ કોલેજ ખાતે એક ખાનગી કોમ્પ્યૂટર નેટવક ખાતે સુરક્ષિત રીતે સંગ્રહ કરવામાં આવશે અને તે એકેડેમિક સંશોધન ટીમ દ્વારા એક્સેસ કરવામાં આવશે. નામ અને સરનામા સહિત તમારી ઓળખ આપતી માહિતીની, તમારા સ્વાસ્થ્ય અને મોબાઇલ ફોનના ઉપયોગ સાથે સંબંધિત માહિતી કરતા અલગ સંગ્રહ કરવામાં આવશે. તમારી વ્યક્તિગત ઓળખ આપતી માહિતીનો એકસેસ ઇમ્પિરિયલ કોલેજ ખાતેના માત્ર અમૂક એકેડેમિક સંશોધન ટીમના સભ્યોને જ આપવામાં આવશે, જેઓ એ સખત બિન-જાહેરાત કરારો પર સહી કરવી જરૂરી બનશે. અભ્યાસ દરમિયાન એકત્ર કરવામાં આવેલ ડેટા(માહિતી)ને અન્ય દેશોમાં સંશોધકોને મોકલવામાં આવશે જેઓ આંતરરાષ્ટ્રીય COSMOS જૂથના ભાગ બને છે અને જ્યાંના કાયદા, UK માં ડેટા રક્ષણ અધિનિયમ જે હદે તમારી ગોપનિયતાનું રક્ષણ કરે છે તે પ્રમાણે તમારી ગોપનિયતાનું રક્ષણ ના પણ કરે. જો કે, ઇમ્પિરિયલ કોલેજ તમારી ગોપનિયતાનું રક્ષણ કરશે તે સુનિશ્ચિત કરીને કે આંતરરાષ્ટ્રીય સંશોધકોને માત્ર એવી અનામી માહિતીનો એકસેસ મળે જે તમારી ઓળખ ના આપે. કોઇ પણ વ્યક્તિગત ઓળખ આપતી માહિતી ક્યારેય પણ આંતરરાષ્ટ્રીય સંશોધન ટીમને આપવામાં નહીં આવે.

# હવે પછીના પગલાં

## જો મારે હવે ભાગ લેવો હોય તો મારે હવે શું કરવું જોઇશે?

જો તમે ભાગ લઇને મદદ કરવા ઇચ્છતા હો તો અભ્યાસ વેબસાઇટની www.ukcosmos.org પર મુલાકાત લેવા અને ઓનલાઇન પ્રશ્નાવલિની લિન્ક પર ક્લિક કરવા વિનંતી. તમારે લોગ-ઇન કરવા, તમારી સંમતિ આપવા અને પ્રશ્નાવલિ પૂર્ણ કરવા માટે તમારે તમારા સુરક્ષિત આઇડી નંબરની જરૂર પડશે (જે તમારા આમંત્રણ પત્ર પર છાપેલો છે).

## મારે ક્યારે નિર્ણય લેવાનો છે?

તમારી પાસે વિચાર કરવા માટે ચાર અઠવાડિયાનો સમય છે. અમે ત્યારપછી તમને યાદ કરાવવા માટે બીજું આમંત્રણ મોકલીશું. જો અમને તમારો જવાબ નહીં મળે તો અમે ધારી લઇશું કે તમારે ભાગ નથી લેવો અને કોઇ વધારોનો સંપર્ક નહીં કરવામાં આવે.

## જો હું ભાગ લેવા અંગે અનિશ્ચિત હોઉં, કોઇ અન્ય ચિંતાઓ કે પ્રશ્નો હોય તો હું શું કરી શકું?

જો તમને કોઇ અન્ય ચિંતાઓ કે પ્રશ્નો હોય, તો અમે તમને નીચેની રીતોથી વધારાની માહિતી આપવામાં આનંદ અનુભવીશું:

1) UK COSMOS વેબસાઇટ: www.ukcosmos.org ની મુલાકાત લઇને
2) નીચેના સરનામે લખીને: UK COSMOS Study, Department of Epidemiology and Biostatistics, School of Public Health, Faculty of Medicine, Imperial College London, St Mary's Campus, Norfolk Place, London W2 1PG.
3) ઈમેઇલ દ્વારા: ukcosmos@imperial.ac.uk
4) ફિફોન દ્વારા: 08000 270 270 (સોમવાર - શનિવાર, સવારના 10.00 – સાંજના 6.00)

COSMOS અંગેની વધુ માહિતી નીચેના વેબ સરનામે ઉપલબ્ધ છે:

www.ukcosmos.org